3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૦

સૂર્યોદય - ૦૬.૧૩.૩૪
સંવત - ૨૦૮૦
ચૈત્ર વદ-૦૬, સોમવાર
તા. ૨૯-૦૪-૨૦૨૪
સૂર્યાસ્ત - ૦૬.૫૮.૧૯


વર્ષ-૫ • અંક-૧૩૨ • સળંગ અંક - ૧૮૪૨ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૨૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**કારાઘોઘા**ના **કપીલ જયંતીલાલ મારૂ** (ઉ. ૪૬) તા. ૨૪-૦૪-૨૦૨૪ના કચ્છ ભુજ મધ્યે હાર્ટફેલથી અવસાન પામ્યા છે. માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી મારૂના પૌત્ર. માતુશ્રી નિર્મળાબેન જયંતીલાલ મારૂના પુત્ર. રોશનીના પતિ. ભાવનાના ભાઈ. વડાલાના સમીર રમણીક શેઠીયાના સાલ. ભુજપુરના માતુશ્રી કુંવરબાઈ વશનજી વીરાના પૌત્રીવર. માતુશ્રી હેમલતા હીરાલાલ વીરાના જમાઈ. દેશલપુરના શાંતાબેન શામજી જેઠાના દોહીત્ર. ભુજપુરના રતનબેન જેસંગ ધારશી છેડાના દોહીત્રી વર. તેજલ, રોનકના બનેવી. કોડાયના ગૌરવ કિશોર ગંગરના સાઢુભાઈ. હર્ષાના નણંદોઈ. ઉર્મી, રૂચીના મામા. નમનના માસા. દેવના ફુઆ. **પ્રાર્થના સ્થળ : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦.** નિ. સ્થાન : રોનક વીરા, ૫૦૩, ૫મે માળે, પારસ બીલ્ડીંગ, જે.એન.રોડ, અંબીકાનગરની બાજુમાં, ટાઈટન શોરૂમની પાછળ, મુલુંડ (વે.). મુંબઈ-૪૦૦૦૮૦. રોશની કપીલ મારૂ-૯૭૦૨૯૧૮૮૬૮, ભાવના સમીર શેઠીયા-૯૮૧૯૪૨૬૨૧૦.

4/1/1 -------- (1-1)



**સાડાઉ**ના **કિશોર સુરજી ગાલા** (ઉ.૬૦) તા. ૨૨-૪-૨૪ ના જર્મનીમાં હાર્ટ એટેક થી અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સ્વ.ભચીબાઈ જીવરાજના પૌત્ર.માતુશ્રી સ્વ.જવેરબેન સુરજી જીવરાજના પુત્ર. માધુરીના પતિ. પ્રિયંકા, વિશાલના પિતા. સ્વ. જેવંતી સ્વ. તલકશી, નિતા (નમીતા)ના ભાઈ. જેવંતીના દિયર. મોખાના ભરત નાગજી ભેદાના સાળા. ભુજપરના મઠાબાઈ ખેતશી વેલજીના દોહિત્ર. પુરબાઈ રામજી, રતનબાઈ રતનશી, લીલાવંતી માવજી, બારોઈ મમીબાઈ મેઘજી, ભુજપુર ધનીબાઈ સામત, ગુંદાલા લાછબાઈ હિરજી,બારોઈ જેતબાઈ જાદવજીના ભત્રીજા મુંબઈ સ્વ. આશા પ્રભાકર પારકરના જમાઈ. રાજશ્રી, હેમંત, નિતીનના બનેવી. નયના આરતીના નંદોઈ. દિપક, ભાવના, રક્ષીતના કાકા. વર્ષા, કરૂણા, બાડા નિલેશ ધિરજ વિરાના કાકાઈ સસરા. ગ્રીષ્મા, પલકના મામા.લાયજા જતીન નિતીન ગડા, માનસીના મામાઈ સસરા. લક્ષના કાકા દાદા. હર્ષલ, ધ્રુવના ફુઆ. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહી. આત્માની શાંતી માટે બાર નવકાર ગણવા. ઠે. કિશોર ગાલા, સુશીલ બિલ્ડીંગ રૂમ-૪, જાકુ ક્લબ રોડ, સાંતાક્રુઝ (ઈ). મું. ૫૫. જેવંતી-૮૯૭૬૦૬૯૨૮૮, માધુરી-૯૮૨૧૨૫૫૧૫૩, નીતા-૭૯૭૭૨૮૧૦૭૬.

4/1/1 -------- (1-5)



**બિદડા** (વીચ્છી ફરીયા)ના **માતુશ્રી ધનવંતીબેન વોરા** (ઉ.વ. ૮૪) તા. ૨૭-૪-૨૪ના હાર્ટ એટેકથી અવસાન પામેલ છે. દેવકાંબેન દેવજીના પુત્રવધુ. અમૃતલાલના ધર્મપત્ની. કુંદન, મનોજ, જયેશ, ચેતનના માતુશ્રી. નયના, ઈલા, ભાવના, મેરાઉના જીતેન્દ્ર કાંતીલાલ વીરાના સાસુ. ધ્રુવેન, પ્રાચી, રોનક, પરીનના દાદી. ફોરમના મોટા સાસુ. અભય, રક્ષીતાના નાની. તન્વીના નાની સાસુ. ટોકરશી, જયંતી, ધીરજ, ઝવેરબેન, રસીલાબેનના ભાભી. ચંચળબેનના દેરાણી. સાકરબેન, પ્રવિણાબેનના જેઠાણી. લક્ષ્મીચંદ, નાના ભાડીયાના બંસીલાલના સાલના ઘરેથી. બિદડાના વીરજી ભીમશી, કાંડાગરાના દેવકાંબેન મેઘજીના ભત્રીજા વહુ. રાયણના લીલબાઈ કુંવરજી રામજી ભગતના પુત્રી. લક્ષ્મીચંદ, પ્રેમચંદ, હરખચંદ, કાંતી, હીરાકુંવર લીલાધર, કોડાયના રતનબેન તલકશી, નાની ખાખરના કસ્તુરબેન હરસુખ, બિદડાના પુષ્પાબેન શામજી, મંજુલાબેનના બેન. વિજયાબેન, નિર્મળાબેનના નણંદ. મેરાઉના સંતોકબેન કાંતીલાલ, બિદડાના લાછબાઈ શામજી, ભુજપુરના સરલાબેન અમૃતલાલ, રાયણના કંચનબેન પોપટલાલના વેવાણ. ખારોઈના જ્યોત્સનાબેન નવિન, પાલનપુરના અનસુયા મફતલાલના મોટા વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. ચેતન વોરા, ૩/૪૪, જૈન ચાલ, ડો. એસ.એસ.રાવ રોડ, લાલબાગ, મું. ૧૨. મો. ૯૮૯૨૪૨૬૨૬૪.

4/1/1 -------- (1-2)



**લુણી**ના **માતુશ્રી ભાનુબેન તલકશી ગલિયા** (ઉ. ૯૧) મંગળવાર તા. ૨૩-૦૪-૨૦૨૪ ના અવસાન પામેલ છે. વિશનજી મોનજીના પુત્રવધુ. તલકશીભાઈના ધર્મપત્ની. સરોજ, રસીલા, દીપક, નિશા, ડો. અલ્પા, નીનાના માતાજી. પુત્રીતુલ્ય મોના અતુલ પટેલ, બિદડાના રાજ ખીમજી સંગોઈ, લાખાપુરના દિલીપ લાલજી ગાલા, બેરાજાના ડો.પરેશ રમણીકલાલ દેઢિયા, મોટા આસંબીયાના યોગેશ માવજી ગાલા, ટેરીસીતાના સાસુ. શાંતિલાલ, ચુનીલાલના ભાભી. હીરાવંતીના જેઠાણી. કપાયાના સુંદરબેન વજપાર ગગુ સંગોઈના સુપુત્રી. શામજી, વિનોદ, ભચાઉના દામજી કેશવજી સતરાના બેન. જવેર, મધુરી, પાર્વતીના નણંદ. દેશલપુરના મેઘબાઈ વશનજી ગાલા, લુણીના કાંતા ભાણજી ગાલા, વડાલાના કસ્તુર સુરજી સતરા, કારાઘોઘાના દમયંતી પરાગ શેઠિયાના બેન. આનંદ, અંકુર, પુજા, નીલ, મોનીષા, અલીષા, જાન્વી, મોનીલ, વિશાલના નાનીમા. સ્વર્ગસ્થની ઈચ્છાનુસાર **પ્રાર્થના સભા રાખેલ નથી.** ઠે. દીપક ગલિયા. ભાનુ કુંજ, નોર્થ-સાઉથ રોડ નં. ૩, જુહુ સ્કીમ, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૫૬. દીપક - ૯૮૨૦૫૪૮૨૭૭.

4/1/1 -------- (1-3)

માટુંગા (સે.રે.)
ડોન બોસ્કો સ્કુલ પાસે
Coming Soon
3 BHK / 4 BHK
Lifetime Open View | With Modern Amenities
Easy Connectivity

લાલબાગ
Ultra Luxurious Project
2 BHK / 3 BHK / 4 BHK / 5 BHK
EOI Starting Soon

Bhanu Properties
Prosperity with every sq.ft.
(CLC-2066)
For Price Benefits & More Details
હરેશ નાગજી વોરા (ગેલડા) - 99302 19031 / 96197 38182
KENIA AD AGENCY - 9870155993

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ**
૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

**તા. ૨૯ એપ્રીલ-સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. માતુશ્રી વેલબાઈ રાયશી મણશી વિસરીયા (કોટડા-રોહા)ની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પરીવારજનો તરફથી.

• સ્વ. શ્રી ધારશી શીવજી ગાલાની ૫૦મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી નિર્મલ ચંદ્રકાંત ગાલા (ગુંદાલા) તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(3) -------- (A-2018)(1-4)

**કંસારીઓથી મુક્તિ**

રોટલીના બાંધેલા લોટ જેવી પેસ્ટ લગાવી કંસારીઓથી લાંબા સમય માટે અને રેગ્યુલર લાગેલું રાખવાથી કીડી, મકોડા અને ઢેઢ ગરોળી (છીપકલીથી) પણ મુક્તિ મળશે. કિમંત 250 gm-150 rs, 500 gm-270 rs, 750 gm-400, 1 kg. 510 rs. 2.5 Kg. 1000. સંપર્ક : કલ્પના-9224143636, વામાક્ષી-9221674444.

4/1/1(8) -------- (B-1695)(1-5)

**(JYF) જૈન યુથ ફોરમ**
**સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે દૈનિક પચ્ચખાણ બારાખડી પ્રમાણે ર રમી પત્તાની રમત રમવી નહીં. (અનર્થ દંડથી બચવા).

• મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ .

• વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

• JYF હેલ્પલાઈન નંબર 8591438983.

• જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

4/1/1(9) -------- (A-2057)(1-6)

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ,**
**કચ્છ-માંડવી(પ્રેરક : મુનીશ્રી શુભવિજયજી)**

૫૦૦૦/- છગન ગેલા ગોહિલ, ૫૦૦૦/- મોહન ગેલા ગોહિલ, ૫૦૦૦/- દિલીપ ગેલા ગોહિલ, ૫૦૦૦/- રમેશ ગેલા ગોહિલ, ૫૦૦૦/- લાધીબેન છગનભાઈ ગોહિલ, ૫૦૦૦/- દિવ્યાબેન છગનભાઈ ગોહિલ, ૫૦૦૦/- જયશ્રીબેન છગનભાઈ ગોહિલ. દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ 9004646044 / 7506808866 / 022-24111105 - 022-66153404.

2/1/1(5) -------- (A-1943)(1-7)

# શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઇ

# શ્રી કચ્છી વીસા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઇ

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

## અભિનંદન... શુભેચ્છાઓ...

## C. V. O. CHARTERED & COST ACCOUNTANTS' ASSOCIATION

**Professional Excellence ના ઉદેશને વરેલી સી.વી.ઓ. ચાર્ટર્ડ એન્ડ કોસ્ટ એકાઉન્ટન્ટસ્ એસોસિએશન સંસ્થા સ્થાપનાની સુવર્ણ જયંતી ઉજવી રહી છે તે બદલ હૃદયપૂર્વક અભિનંદન....**

૫૦ વર્ષ પહેલા સ્થપાયેલી સંસ્થા આજે ૨૧૦૦થી વધારે સભ્યો ધરાવતી વટવૃક્ષસમી સંસ્થા બની ગઇ છે જે કચ્છી સમાજ માટે ગર્વરૂપ ઘટના છે.

વર્ષોથી ભારતીય બજેટ ઉપર સેમીનાર, ખબર પત્રિકામાં પ્રતિમાસ કરવેરાના આટાપાટા દ્વારા કરદાતાઓને જાણ, મહત્વના કાયદાઓની છણાવટો– સેમીનાર / પરિસંવાદના આયોજનો –વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક લોન– કર વિષયક વિવિધ કાયદાઓને આવરી લઇ સરળ સમજ આપતી પુસ્તીકાનું પ્રકાશન વિ. અનેક વિધ સામાજીક કાર્યો સંસ્થા કરતી આવી છે.

હાલમાં જ સંસ્થા દ્વારા વેપારવણજ અને ઔદ્યોગિક ક્ષેત્રે કાર્યરત ઉપરાંત નેતૃત્વના ગુણો દ્વારા સફળતાને વરનારી સમાજની પેઢીઓને વ્યક્તિગત અને કંપની કક્ષાના એવોર્ડ આપી અનેકોને પ્રેરણા આપવાનું ઔચિત્યપૂર્ણ કાર્ય કર્યું હતું જે ખરેખર કાબીલેદાદ હતું.

સમગ્ર જગતમાં આકાર પામી રહેલા ડિજિટલ ડેવલપમેન્ટની ઉભરાતી વિકાસ પ્રક્રિયામાં આપણી જ્ઞાતિ પણ યુગની સાથે પગલાં ભરવામાં પાછી નથી.

નવી પેઢી વિકસીત ભારતમાં પોતાનું યોગદાન આપી શકે તે ઉદ્દેશને આ એવોર્ડ કાર્યક્રમમાં કેન્દ્ર સ્થાને રખાયો હતો, સાથોસાથ આ સફળતા અન્યો માટે પ્રેરણારૂપ બને એવો ઉદ્દેશ સંસ્થાએ વ્યક્ત કર્યો હતો.

સમાજને સતત પાંચ દાયકાથી માર્ગદર્શન આપી રહેલા CA વિરેન ગાલા અને CA શાંતિલાલ રાંભિયાને તેમને સમાજને આપેલ યોગદાન બદલ, લાઇફટાઇમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાયાં હતાં.

વર્ષોથી મહાજનશ્રી ઉપરાંત સમાજની અનેકવિધ સંસ્થાઓમાં પોતાના જ્ઞાન અને કાર્યશક્તિ દ્વારા વિવિધ પદો પર રહી સેવાઓ આપી રહેલા સંસ્થાના સભ્યો સમાજના માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

**શ્રી દેરાવાસી મહાજન અને શ્રી સ્થાનકવાસી મહાજનને તેમજ સમાજની અનેક સંસ્થાઓને CVO CA એસોસિએશનના સભ્યોની શક્તિ અને અનુભવનો લાભ મળતો રહ્યો છે અને મળતો રહેશે તેવી આશા સાથે સંસ્થાને અભિનંદન અને શુભેચ્છાઓ....**

લિ. માનદ્ મંત્રીઓ

# રાજશ્રી યોગા મલ્ટી થેરેપી સેન્ટર - 1994 થી
# વજન અને ડાયાબિટીસ માટે 30 વર્ષ થી નં. 1...

AYUSH Ministry ના , મહારાષ્ટ્ર રાજ્યના રજિસ્ટ્રેશન તથા યુનિવર્સીટીના સર્ટિફિકેટ ધરાવતા થેરેપિસ્ટો, ટેક્નોલોજી અને વર્ષો નો અનુભવ અમારી સ્પેશિયાલિટી છે.

જોઈન્ટ કરતા પહેલાં કોઈપણ બીમારીના બીફોર - આફ્ટર ના રિપોર્ટ જોઈ શકો છો.

**ફ્રી** ડાયાબિટીસ ની સાથે યુરિક એસિડ, બ્લડ પ્રેસર અને કોલેસ્ટ્રેલ ની ટ્રીટમેન્ટ ફ્રી આપવામાં આવશે!

ડાયાબિટીસ ક્યારેય એકલું નથી આવતું. એ બીમારીઓનું ટોળું લઇને આવે છે. ડાયાબિટીસ આવે કે થોડા સમયમાં જ હાર્ટ, કિડની, મગજ, ચેતાતંત્ર, આંખો, પગ અને સાથે યુરિક એસિડ, કોલેસ્ટ્રોલ, બ્લડ પ્રેસર વગેરે ની શરૂઆત થઇ જાય છે. શરીરને માત્ર ડાયાબિટીસ ની સામે જ નહિ પણ આ બધા સામે લડવું પડે છે. વજન અને ડાયાબિટીસ એ ખુબ નજીક ના સગા છે. માટે બંન્નેને એક સાથે ટાર્ગેટ કરો અને ખતમ કરો.

જો વજન ડાયાબિટીસ ના લીધે ઉતરતું હોય તો બહુ ખુશ થવા જેવું નથી કારણ કે મસલ્સ પણ ખતમ થવા લાગે છે જે શરીરને નુકશાન કરે છે. હાથ પગ પાતળા થઇ જાય અને પેટ નથી ઉતરતુ.



સગવડો બધી છે પણ દવા ઉપર જીવન છે અને શરીર અને મન માં અશાંતિ છે.

શરીર માં ચાલતા યુદ્ધ ને શાંત કરો. દવા, ઉપવાસ અને આડઅસર વિના અને સ્વસ્થ બની શાંતિ થી જીવવા સંપર્ક કરો.



સંપર્ક : 96999 66266

(CLC-2055)

|| જખ્ખ બૌતેરા નમઃ || || શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વિશલ માતાય નમઃ ||

**ભૂલો ભલે બીજુ બધુ મા-બાપને ભુલશો નહી**
**અગણિત છે ઉપકાર એના એ કદી વિસરશો નહીં...**

**૫૦મી પુણ્યતિથી** | **૩૨મી પુણ્યતિથી**




**પિતાશ્રી ધારશી શીવજી ગાલા**
અરિહંત શરણ તા. ૨૯/૪/૧૯૭૪

**માતુશ્રી કુંવરબાઈ ધારશી ગાલા**
અરિહંત શરણ તા. ૬/૭/૧૯૯૨

જન્મદાત્રી 'માતા'ને જન્મદાતા 'પિતા'ના ઋણ કોઈ રીતે અદા ન થાય. એમની સ્મૃતિમાં બસ ફુલ નહીં તો ફુલની પાંખડીએ દાન દેવાય. અનંત ઉપકારી વડીલોને કરીએ વંદન વારંવાર...

તેમની સ્મૃતિમાં નીચે આપેલ સંસ્થાઓને અનુદાનનો સ્વીકાર કરવા નમ્ર વિનંતી.

- **શ્રી વડીલ વંદના ગુંદાલા રૂા. ૪૧૦૦૦**
- **શ્રી ગુંદાલા પાંજરાપોળ રૂા. ૩૫૦૦૦**

તદઉપરાંત નીચે જણાવેલ દરેક સંસ્થાને રૂા. ૧૧,૦૦૦ ફાળવવામાં આવે છે.

- ક.વી.ઓ. સેવા સમાજ
- શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર (લુણી)
- જીવન જ્યોત કેન્સર ટ્રસ્ટ
- મુલુંડ ક.વી.ઓ. સમાજ
- દાદર કબુતર ખાના
- પ્રાગપર એન્કરવાલા અહિંસાધામ
- શ્રી સોનગઢ રત્નાશ્રમ
- તરૂણ મિત્ર મંડળ
- ચીંચબંદર કબુતર ખાના
- શ્રી વિનયેન્દુ ખીચડીઘર (કાંદીવલી)
- નવભારત એજ્યુકેશન સોસાયટી, મુલુંડ (વેસ્ટ)
- કચ્છી વિશા ઓશવાળ દ્રષ્ટિ ફાઉન્ડેશન ફોર બ્લાઈન્ડ

**શ્રી ચંદ્રકાંત ધારશી શીવજી ગાલા**
(કચ્છ-ગુંદાલા • હાલે મુલુંડ-વેસ્ટ)

(CLC-2056) K.V.O. - P - 8104209392

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ....

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન
# ખબર પત્રિકા

આવ્યો છે અવસર તમ ઘરે રળિયામણું...
બંધાયું છે તમ આંગણે રૂડુ પારણિયું...
હર્ષ ઉલ્હાસનું સમાજમાં બંધાયું તોરણિયું...
શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન આપે ખીર વધાયું...



It's A Boy
## ચિ. હેતાક્ષ
જન્મ તારીખ : ૨૨/૦૨/૨૪

:: દાદા-દાદી ::
હીના વલ્લભજી કેશવજી વીરજી મારૂ
ગામ : બેરાજા • હાલે : બોરીવલી
:: નાના-નાની ::
મીના મનોજ વિશનજી ભાણજી છેડા
ગામ : નાની તુંબડી • હાલે : ડોંબીવલી


દર્શના અને અંકિત મારૂ

It's A Boy
## ચિ. ધમન
જન્મ તારીખ : ૦૧/૦૪/૨૪

:: દાદા-દાદી ::
માતુશ્રી સાકરબેન તલકશી હીરજી ભીમશી વોરા
ગામ : ગોધરા
:: નાના-નાની ::
શ્રીમતી રસીલાબેન ધનસુખલાલ જેવત પ્રેમજી ગાલા
ગામ : દેવપુર


દર્શના અને નોમિત વોરા

It's A Girl
## ચિ. ત્વિષા
જન્મ તારીખ : ૨૭/૦૩/૨૪

:: દાદા-દાદી ::
લીલાવંતી કલ્યાણજી ઉમરશી કાનજી મારૂ
ગામ : કોડાય • હાલે : નાલાસોપારા
:: નાના-નાની ::
લીલાવંતી હરખચંદ મોનજી જેતશી વોરા
ગામ : નવીનાર • હાલે : નાલાસોપારા

2nd Baby


રચના અને અંકિત મારૂ

It's A Boy
## ચિ. સુવિધ
જન્મ તારીખ : ૦૬/૦૪/૨૪

:: દાદા-દાદી ::
જ્યોતિ સંજય રતિલાલ રામજી ગાલા
ગામ : દેશલપુર (કંઠી)
:: નાના-નાની ::
મનીષા (કમળા) મહેન્દ્ર મોરારજી દેઢિઆ
ગામ : (કોટડી મહાદેવપુરી)


ચાર્મી અને નિશાંત ગાલા

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન ખબર પત્રિકા.... જન્મની ખીર વધાઈ....

# લુણી ગામના દરેક કાર્યમાં હમેંશા અગ્રેસર
# આત્મીય સ્વજન - પરમ મિત્ર - દીપકભાઈ ગલિયાને

# માતૃવિયોગ

## માતુશ્રીનો પ્રેમ હતો પારાવાર... યાદ આવશે અપરંપાર...

## ગલિયા પરિવારની તીર્થસ્વરૂપ માતુશ્રીને શ્રદ્ધાસુમન...



**માતુશ્રી ભાનુબેન તલકશી ગલિયા**
લુણી - વિલે પાર્લે, અરિહંતશરણઃ २३-०४-२०२४

નાના - મોટા દરેક સાથે ભળી જવાનો
મળતાવડો સ્વભાવ...
પ્રભાવશાળી વ્યકિત્વથી ઓપતા...
સાદગીભર્યુ જીવન જીવી સત્કાર્યોની
વણજાર ઉભી કરનાર...
સૌ સાથે સ્નેહભર્યા સંબધો જાળવનાર
મિલનસાર સ્વભાવી,
સૌને સહયોગી થવા સદાય
તત્પર રહેનારા પરોપકારી...
આપશ્રીની વિદાયથી
શ્રી દીપકભાઈ અને એમના પરિવારને
કદી ન પુરાય તેવી ખોટ પડી છે.
એમના દુઃખમાં સહભાગી થઈ દિલસોજી વ્યકત કરતા,
માતુશ્રી ભાનુબેન
આપ શીઘ્રાતીશીઘ્ર મોક્ષગામી બનો એવી
પરમકૃપાળુ પરમાત્માને અંતરભીની પ્રાર્થના...

### ગામ લુણીના મિત્ર પરિવાર

કેશરબેન ગાંગજી પાસુ દેઢિયા
તરલા અને ભવાનજી કરમશી છેડા
જયોતિ અને દીપક પોપટલાલ ગલિયા
દેવકાંબેન નાનજી દેવજી ઘરોડ
ભાનુબેન નવીનભાઈ કરમશી છેડા
જયોતીબેન દીપક શાંતિલાલ ગાલા
સુશીલાબેન વેલજી લધા ગલિયા
ગીતાબેન રમેશ લધુ ઘરોડ
હિના હિરેન રામજી ગલિયા
પ્રજ્ઞાબેન નવીન દામજી ગલિયા
હેમાબેન કાંતિલાલ રામજી સોની
પુષ્પા અને મણિલાલ દેવજી ગલિયા

વર્ષા અને જગદીશ વશનજી દેઢિયા
કુંજલ અને ધીરેન લક્ષ્મીચંદ છેડા
હેમા અને જયંત શિવજી માલદે
શોભાબેન અને પ્રદીપ પોપટલાલ ગલિયા
નેહા અને દિપેન શાંતિલાલ માલદે
ઉષા અને રમેશ ડુંગરશી ગાલા
અંજના અને અશોક પ્રેમજી સોની
અર્પીતા અને રાજેન કાંતિલાલ ઘરોડ
જયવંતી અને વસંત હરશી ગલિયા
પ્રિયા અને અતુલ પ્રેમજી માલદે
બીજલ અને ભરત પ્રેમજી માલદે
જયા અને જાદવજી પુંજા ગલિયા

જીજ્ઞા અને મહેશ ધનજી દેઢિયા
ચેતના અને વસંત નાનજી સત્રા
ભારતી અને કાંતિલાલ ખીમજી માલદે
વનીતા અને જગદીશ વશનજી ગાલા
લીના અને નીતીન ઉમરશી ગલિયા
મીના અને દિનેશ શાંતિલાલ ગાલા
હંશા અને જયેશ નરશી માલદે
નીના અને શૈલેશ મોહનલાલ રાજગોર
ઈંદિરાબેન અને હરખચંદ લાલજી સોની
વર્ષા અને કાંતિલાલ રતનશી ઘરોડ
મીનાક્ષી અને જાદવજી લાલજી દેઢિયા
પાયલ જયંતિલાલ નાનજી છેડા

(CLC-2065)

DEDHIA ARTS 98203 54681

# હાર્દિક અભિનંદન શુભકામના...

**પ્રમુખ**



**શ્રીમતી જયાબેન વિશનજી મારૂ**
બિદડા

**ચેરમેન**



**શ્રી સુનીલભાઈ ડુંગરશી ગાલા**
રાયણ

**માર્ગદર્શક**



**શ્રી બિપીનભાઈ અમરચંદ ગાલા**
રાયણ

કચ્છી સમાજના ઉદારદિલ દાનવીર પરિવારના કર્તવ્યનિષ્ઠ, સેવાના સારથી, મનના મહારથી, મદદનું બીજું સરનામું, ભાવથી સાધર્મિકોની ભક્તિ, સમાજ ઉત્થાનમાં તત્પર, ધર્મ, સત્કાર્ય અને જીવદયાને જીવનમાં પ્રાધાન્ય આપનારા કર્મયોગી એવા **જયાબેનને પ્રમુખ પદે**, **સુનીલભાઈને ચેરમેન પદે** તથા **બિપીનભાઈને માર્ગદર્શક પદે** **કચ્છી જૈન ફાઉન્ડેશન**માં નિમણુંક કરવામાં આવી. આવા કર્મઠ કાર્યકરોને હોદો આપવાથી સંબંધિત હોદાઓનું મહત્વ વધી જાય છે.

**શ્રીમતી જયાબેન વિશનજી મારૂ, શ્રી સુનીલભાઈ ડુંગરશી ગાલા તથા શ્રી બિપીનભાઈ અમરચંદ ગાલાને હૃદયૂપર્વકના અભિનંદન સહ સંસ્થા આપના નેતૃત્વમાં પ્રગતિના નવા સોપાનો સર કરે એવી શુભેચ્છાઓ.**

(CLC-2099)

લિ.

**હરખચંદ ખીમજી ગંગર (ચુનડી)**

નવિન ઉમરશી ગંગર (નાગલપુર)
કિર્તી કેશવજી સાવલા (બાડા)
નવિનચંદ્ર દેવરાજ દેઢિયા (ગઢસીસા)
નરેન્દ્ર વિશનજી ફુરીયા (લાયજા)
ખુશાલચંદ ડુંગરશી કારાણી (નરેડી)

રામજી શામજી ધરોડ (રામાણીયા)
મહેન્દ્ર ભાણજી પાસડ (શેરડી)
લક્ષ્મીચંદ મેઘજી દેઢિયા (શેરડી)
લહેરચંદ હંસરાજ મસાલાવાલા (ભોજાય)
જયંતીલાલ ખીમજી ગડા (લાયજા)

**પન્નાલાલ ખીમજી છેડા (કુંદરોડી)**

ખીમજી કેશવજી ગોગરી (મોટા આસંબીયા)
CA અશોક લખમશી છેડા (નાના આસંબીયા)
ભાવેશ અરવિંદ છેડા (કાંડાગરા)
બિપીન ગાંગજી શાહનંદ (ડુમરા)
જીતેન્દ્ર ખીમજી શાહ (ગોગરી)(મોટા આસંબીયા)

K.V.O. - P - 8104209392

# વર્ષો જુની મિત્રતા... અચાનક આજે વિખુટી પડી...
# પ્રેમાળ મિત્રોને પ્રેમભરી પ્રેમાંજલી...





ગામ : લુણી

જુહુ-પાર્લા

**૨૦મી પુણ્યતિથી**

## શ્રી તલકશી વિસનજી ગલિયા

દેવલોકગમન : તા. ૨૫-૪-૨૦૦૪

## માતુશ્રી ભાનુબેન તલકશી ગલિયા

દેવલોકગમન : તા. ૨૩-૪-૨૦૨૪

પરોપકારી સ્વભાવ, હૈયે ધર્મભાવ રાખી આપે ડગલેને પગલે કર્યા સત્કાર્યો...
જીવનમાં આવેલ સુખ-દુઃખને સહર્ષ અપનાવી અનંતા કાર્યોનો
ક્ષય કરી એ માનવ ભવને ધન્ય બનાવ્યું,
શુધ્ધ આપનો આચરણ, સુખદાયી આપનો સ્મરણ...
આપનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાંથી પરમ શાંતિ પામી શીઘ્રતાશિઘ્ર
મોક્ષગામી બને એ જ નતમસ્તકે પ્રભુ ચરણે પ્રાંજલ પ્રાર્થના...

લિ.

## અ.સૌ. રંજનબેન પ્રવિણ હરધોર ગાલા

ગામ : ભચાઉ • હાલે : પાર્લા

(CLC-2089)

K.V.O. - P - 8104209392

# હવે શરણ સ્મૃતિ નું !



## માતુશ્રી ભાનુમતી તલકશી ગલિયા ને

લુણી - વિલે પાર્લે, અરિહંતશરણઃ ૨૩-૦૪-૨૦૨૪

## ભાવભરી આદરાંજલિ



માદરે વતન લુણી પ્રત્યે
અનન્ય લાગણી ધરાવનાર,
ધર્માનુરાગી, શિક્ષણપ્રેમી, વાત્સલ્યની
અમીધારાથી દરેક લુણીવાસીઓના
હૃદયમાં સ્થાન અંકિત કરનાર,
જેમની પ્રેરણાથી લુણીની દરેક સંસ્થા
ને "ગલિયા" પરિવારના અનુદાનનું
યોગદાન આપી પોતાની
લક્ષ્મી ને મહાલક્ષ્મી બનાવનાર

**સંઘમાતા**
**માતુશ્રી ભાનુમતી તલકશી ગલિયા**

ને સમસ્ત લુણી ગામવાસીઓની
આદરાંજલિ...

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને
પરમશાંતિ આપે
અને શીઘ્રાતિ શીઘ્ર પંચમગતિમાં સ્થાન પામે,
એજ અભ્યર્થના સાથે
ભાવભીની પ્રાંજલ પ્રાર્થના...

### લિ. શોક મગ્ન

## શ્રી લુણી મુંબઈ મહાજન

શ્રી લુણી આઠ કોટિ નાની પક્ષ સ્થા. જૈન સંઘ
શ્રી લુણી ગણેશદાદા પહેડી કમિટી
શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર પાંજરાપોળ - લુણી
શ્રી લુણી ગલિયા ભાવિક મંડળ
શ્રી લુણી સહિયર વૃંદ
એવમં સમસ્ત લુણી ગામવાસીઓ

(*152)

DEDHIA ARTS 98203 54681

# Kutch Yuvak Sangh

## Borivali-Dahisar Shakha

BOMBAY METRICS

# Kutchi Box Cricket Junior 2024

**01st May, 2024**
**7.30 am onwards**

Force Turf, Gokahle Road, Borivali (West)

| Jersey & Cap Sponsor | Food Sponsor | Trophy Sponsor |
|---|---|---|
| CHANDRAVIM EXIM PVT LTD. | मुंबई's famous FOOD ADDA | KEYUR SALES |

20 Teams • 160 Players • 8 to 14 Years • Boys-Girls Mix

| | | | | |
|---|---|---|---|---|
| **BOMBAY METRICS WARRIORS**<br>Nipul Hirji Kenia (Baroi-Goregaon) | **ROYAL YUVRAJ**<br>Tejas Dinesh Malshi Chheda (Kundrodi-Borivali) | **VBG CHAMPS**<br>CA Vaishali Bhavesh Gala (Wadala-Borivali) | **TEEARCH TITANS**<br>Tarun Harshi Mota, Naresh Harshi Mota (Devpur-Borivali) | **MALDE MARVELS**<br>Dr. Shirish Chunilal Malde (Bhujpur-Borivali) |
| **MANIBHADRA OPTIMISTICS**<br>Aruna Rakesh Shah (Beraja-Borivali) | **HARIKO HURRICANES**<br>Tejas Komal Chheda, Pankhil Harish Chheda (Bidada-Borivali) | **FIGHTING JAGUARS**<br>Nitin Sunderji Shah (Bidada-Borivali) | **REGAL RANGERS**<br>Hiren Sarla Jagdish Shah (Bidada-Borivali) | **WALLNUT WIZARDS**<br>Jigar Kishor Nagda, Yogeshwar Kishor Nagda (Mothara-Borivali) |
| **SHREE GANESH 22 YARDS**<br>Girish Morarji Visaria (Ratadia Ganesh-Borivali) | **PITCH SMASHERS**<br>Parth Vipul Shah (Durgapur-Borivali) | **ROYAL KINGS**<br>Hetansh Mahesh Gala (Sadau-Borivali) | **LOK AUSHADHI WARRIORS**<br>Dhruvin Vijay Gosar (Dumra-Borivali) | **BANZARA BLASTERS**<br>Khusal H. Dharod, Anil H. Dharod, Nitin H. Dharod (Patri-Sadau-Borivali) |
| **SMASHERS ADDA**<br>Hardik Hemant Savla (Bidada-Borivali) | **SILHOUETTE STRIKERS**<br>Jagruti Sachin Vora (Wadala-Borivali) | **SUPREME STRIKERS**<br>Tarun Ramji Vira (Faradri-Borivali) | **DHIAAN ROCKERS**<br>Pooja Mehul Vora (Mota Laija-Malad) | **FF EMERALD EAGLES**<br>Keval Javerilal Visaria (Kundrodi-Borivali) |

| Popcorn Partner | Medical Partner | Celebration Partner | Energy Partner | Banner Partner | Ball Sponsor | Prize Sponsor |
|---|---|---|---|---|---|---|
| Dr. Kanan's Advanced Dental Care<br>Dr. Kanan Parin Vora (Samaghogha) | HealthWise Homoeopathy<br>Dr. Sapna Shah Mota M.D. (Hom.) (Punadi) | D&D Chocolate Forever<br>Nancy Tejas Chheda (Bidada) | Meet Caterers, Catering for all Occasions<br>Amish Kantilal Gala (Vadala) | NS Creation<br>Shilpa Nirav Chheda, Nirav Laxmichand Chheda (Layja) | Bhavesh Dry Fruits<br>Devji Parbat Shah (Adhoi) | BMCB BANK ESTD 1995 Multi-State Bank<br>THE BHUJ MERCANTILE CO-OPERATIVE BANK LTD. |

**Box Cricket Committee :**
Kapil Shethia • Keval Ganger • Ankur Veera • Jitesh Dedhia • Paren Gala
Bhavya Salia • Ajay Bheda • Vipesh Dedhia • Rushabh Lapasia • Hemal Gala

Sanyojak: Sheetal Gala (Vadala)
Sah Sanyojak :
Mansi Ganger (Merau) • Ketan Chheda (Nana Bhadia)

**President : Rahul Dedhia (Pundi) • Managing Trustee : Hemant Karani (Halapur)**

જાહેરાત સૌજન્ય :

JCA JAYANT CHHEDA & ASSOCIATES Architects & Interior Designers

DARSHAK ESTD 1972 — Celebrating 50 Years of Excellence

Jayant Chheda | Urmila Chheda | Vikesh Chheda
HALAPUR
jcastudio@gmail.com | enquiry@jcaarchitects.in

(*154)

RUJUTA AD./ 98213 30432

## કચ્છ - લુણી

# સંઘમાતા / દિલેર દાતાશ્રી ને

ધર્માનુરાગી - વાત્સલ્યહૃદયી - પ્રશાંતપૂર્તિ પ્રેમાળ - પુનિત આત્મા પ્રતિ ભાવવંદના સહ...

# ભાવભીની ભાવાંજલિ...

અમારા શ્રી સંઘના મેનેજીંગ ટ્રસ્ટી
**શ્રી દીપકભાઈ ગલિયા** ના માતુશ્રી
અને નુતન ઉપાશ્રયના મુખ્ય દાતાશ્રીનું
દેહાવસાન થતાં શ્રી સંઘને
ઘણી જ ખોટ પડેલ છે.
શ્રી સંઘની પ્રત્યેક પ્રવૃત્તિમાં આ પરિવાર
હંમેશા તન - મન - ધનથી ભાગ લઈ રહયા છે.
શ્રી લુણી સંઘમાં આ પરિવાર દાતાઓ માં
આજ સુધી મોખરે સ્થાન ધરાવે છે.
સૌમ્યશીલ - સ્નેહાળ, ધર્મપરાયણ, પરોપકારી,
જીવદયાપ્રેમી, સુસંસ્કારી, દેવ, ગુરૂ,
શ્રી સંઘ પ્રત્યેની
સમપર્ણ સેવાઓ વગેરે યાદ કરી
**સંઘમાતા ભાનુબેનને**
અમારી નત મસ્તકે આદરાંજલિ...



## સંઘમાતા ભાનુબેન તલકશી ગલિયા

લુણી - જુહુ, વિલે પાર્લે, અરિહંતશરણ -૨૩-૦૪-૨૦૨૪, ઉ.૯૧

ગલિયા પરિવારજનો પર આવેલ અણધારી વિષાદની ઘડીઓમાં સહભાગી
થઈ સાંત્વના પાઠવીએ છીએ...
આપના દિવ્યાત્માને પરમશાંતિ મળે એજ પ્રાંજલ પ્રાર્થના...

(*153)

ભાવાંજલિ - માનાંજલિ અર્પતા...

## શ્રી લુણી આઠકોટિ મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંઘ

ટ્રસ્ટીઓ - પદાધિકારીઓ, કારોબારી સભ્યો એવમ્ સર્વે શ્રાવક - શ્રાવિકાઓ

DEDHIA ARTS 98203 54681

# જન્મદિનની શુભકામના વ્હાલી દીકરી કિંજલ!!!



તું હવે પાસે નથી,
છતાં સાથે હોવાનું વરતાય છે !
કશું યે બોલતી નથી,
પણ હાસ્ય તારું સંભળાય છે !
મળે છે ક્યાં હવે તું અમને,
પણ બંધ આંખોમાં દેખાય છે !
ખબર છે તું નહીં આવે,
છતાં રાહ તારી જોવાય છે !
તું ક્યાં વાંચવાની છે આ,
છતાં ક્યાં રહેવાય છે !
અલ્પ સમયના સંસ્મરણોથી હૈયાં વલોવાય છે!

## યાદ તારી આવે...







બહુ કાળજીપૂર્વક આંસુઓને
આંખમાં રોકી રાખ્યા હોય,
પણ કોઈની યાદ આવતાં
આંખો વરસી પડે તો શું કરવું?
કેટકેટલાં સ્વપ્નો જોઈ રાખ્યાં હોય છે
આ જીવનમાં, સપનાં પુરા કરવા
જ્યારે જિંદગી ટુંકી પડે તો શું કરવું?

## અ.સૌ. કિંજલ નીતેશ દેઢિયા

(કપાયા - વડાલા)

(29-4-1971 to 2-9-2022)

Happy Birthday

હૃદયની ઉથલ પાથલને પાંપણમાં દબાવી રાખીને તારા જન્મદિવસની હાર્દિક હાર્દિક વધાઈ આપતા...

: મમ્મી-પપ્પા :

## શ્રીમતી શાંતાબેન પોપટલાલ (ગ્રીન) રામજી ગાલા (ગુંદાલા-સાંતાક્રુઝ)

બેન-બનેવી : અ.સૌ. અવની હેમાંગ શાહ

વ્હાલી ભાણેજી : અમાયરા હેમાંગ શાહ

(CLC-2072)

શાંતાબેન : ૯૮૨૦૩ ૬૭૮૮૯ ■ પોપટભાઈ : ૯૮૨૦૦ ૭૦૧૦૧

BINITA S. MARU - 9869034162

Happy Birthday..

Kinjal !



We never stopped missing you
for once in our life...

Today, We are **missing you**
even more because
It's your **Birthday** and
you are not with us....

We wish you a cheerful

Birthday in Heaven !





# કિંજલ નીતેશ દેઢિયા

(કપાયા – વડાલા)

**29-4-1971 to 2-9-2022**

तस्वीर तेरी किंजल लीये मे
कर आया सब किनारा,
किंजल मेरी जानी, तुं हे मेरी रानी,
यही मेरी प्रेम कहानी,
लेना होगा जनम हमें कई कई बार... नितेश

Miss you !

**પુત્ર-પુત્રી : અવિમન, યશ્વિકા, ગરીન નીતેશ શાહ (કપાયા - વડાલા)**

વડાલા કઝીન્સ (મુંબઈ - વડાલા)
ગુલાબી ગેંગ, શંકર ધામ (મુંબઈ - વડાલા)

ભાઈ તુલ્ય : દેવેન યોગેન્દ્ર ઘોઘારી (મુંબઈ)
થોમસ બેર્નાડીન (મસુરી)

**સાસુ-સસરા : માતુશ્રી શાંતાબેન ડુંગરશી લાલજી દેઢિયા પરિવાર (કપાયા – વડાલા)**
**માતા-પિતા : માતુશ્રી શાંતાબેન પોપટભાઈ રામજી ગાલા (ગુંદાલા)**

(CLC-2073)

BINITA S. MARU - 9869034162

# નાની તુંબડીના માતુશ્રી ઉમરબેન ભાણજી મુરજી બહુઆ
## સમસ્ત પરિવાર તરફથી
## અબોલ જીવો માટે જીવદયામાં અનુદાન

સૂર્ય-ચંદ્ર છે માતા-પિતા,
હોઠ રહે છે ગાતા...
પહાડ જેવા પિતાજીને,
ઝરણાં જેવી માતા.




પિતાનો ખભો વ્હાલો,
માતાની ગોદ...
જીવનમાં તો આ બંન્ને
આપે આનંદ પ્રમોદ.




મૂંગા જીવો, નિરાધાર જીવોની પીડા-વ્યથા-મનોવેદનાને વિચારીએ,
બિમાર જીવો અપંગ પશુઓને અભયદાન આપવાનું વિચારીએ,
પશુ આપણને જીવાડે છે, આપણે પશુને જીવડાવવાનું વિચારીએ,
જીવદયામાં અનુદાન આપી મનુષ્ય ભવને સાર્થક કરીએ.

અબોલા જીવોની આંતરડી ઠારવા અમારા માતુશ્રી ઉમરબેન અને પિતાશ્રી ભાણજીભાઈની સ્મૃતિમાં નીચેની સંસ્થાઓને અનુદાન આપવાની અમારી મહેચ્છાને સ્વીકારી સંસ્થાઓએ પોતાના બેંકની વિગત રમણીક બહુઆના 9323475354 મોબાઈલ નંબર ઉપર Whats App કરવા વિનંતી જેથી અનુદાન દરેકના બેંકના જમા કરવામાં આવશે.

| | |
|---|---|
| શ્રી ભુજપુર પાંગળાપોળ | ૬૧,૦૦૦ |
| શ્રી તુંબડી જૈન મહાજન (જીવદયા) | ૨૫,૦૦૦ |
| શ્રી જીવદયા મંડળ - રાપર | ૨૫,૦૦૦ |
| ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર પ્રાગપુર | ૧૫,૦૦૦ |
| શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - લુણી | ૧૫,૦૦૦ |
| શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેંટર | ૧૧,૦૦૦ |
| ગઢશીશા જીવરક્ષા જૈન ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા | ૧૧,૦૦૦ |
| શ્રી રાધેકૃષ્ણ લીલાવતી ગૌશાળા સિંગાપુર, સાસવડ, પુણે | ૧૧,૦૦૦ |
| શ્રી કચ્છ માંડવી પાંજરાપોળ અને ગૌશાળા | ૧૦,૦૦૦ |
| શ્રી કચ્છ મુંદરા પાંજરાપોળ અને ગૌશાળા | ૧૦,૦૦૦ |
| જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ | ૧૦,૦૦૦ |
| શ્રી ગુંદાલા પાંજરાપોળ | ૭,૫૦૦ |
| શ્રી છસરા જીવદયા કેન્દ્ર | ૭,૫૦૦ |
| શ્રી કચ્છ વડાલા પાંજરાપોળ | ૭,૫૦૦ |
| મંગલદીપ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ પત્રી | ૭,૫૦૦ |
| જનકલ્યાણ મેડીકલ સોસાયટી | ૭,૫૦૦ |
| શ્રી અંજાર પાંજરાપોળ | ૫,૦૦૦ |
| શ્રી સુપાર્શ્વ જૈન સેવા મંડળ - ભુજ | ૫,૦૦૦ |
| શ્રી સુથરી પાંજરાપોળ | ૫,૦૦૦ |
| શ્રી નલીયા પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ | ૫,૦૦૦ |
| શ્રી તેરા પાંજરાપોળ | ૫,૦૦૦ |
| શ્રી કોઠારા પાંજરાપોળ ટ્રસ્ટ | ૫,૦૦૦ |
| શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ | ૫,૦૦૦ |
| શ્રી રતાડીયા (ગણેશ) ગૌશાળા પાંજરાપોળ | ૫,૦૦૦ |
| શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર - ઉમરગામ | ૫,૦૦૦ |
| શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ | ૨,૫૦૦ |

## માતુશ્રી ઉમરબેન ભાણજી મુરજી બહુઆ સમસ્ત પરિવારના જય જિનેન્દ્ર

(CLC-2082)

કંચન-કલ્યાણજી બહુઆ - 9422514107 | ભારતી-C.A.રમણીક બહુઆ - 9323475354
ભારતી-અરવિંદ બહુઆ - 9422037481 | પ્રતિભા-રસીકલાલ બહુઆ - 9422037451
સુશીલા નવીનચંદ્ર ધનજી છેડા - પુનડી - 8976256666

NEEL PARI - 9322299742

|| ચારિત્ર કલ્યાણ ||

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ ઈ.સ. ૧૯૨૩

સ્થાનિક ઓફીસ : ચારિત્ર કલ્યાણ માર્ગ, સ્ટેશન રોડ, સોનગઢ, જિ. ભાવનગર, પીન : ૩૬૪૨૫૦. ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૨૪, ૨૪૪૬૨૫.
મુંબઈ ઓફીસ : ૨/૩૪, મીનર્વા બીલ્ડીંગ, માધવદાસ પાસ્તા રોડ, દાદર. (સે.રે.) મુંબઈ - ૪૦૦૦૧૪. ફોન નં. ૨૪૧૬૫૬૩૯, મો : ૮૩૫૬૮૮૧૫૫૯.

શતાબ્દી વર્ષ

## દાન દિયે ધન ના ઘટે સોનગઢ રત્નાશ્રમ



માતુશ્રી મેઘબાઈ કલ્યાણજી નાગડા

પૂ. આનંદઘનજીના ચિર સ્મરણીય પદોમાંનાં એક પદના આ શબ્દો છે.
"તન ધન યૌવન સબ હી જૂઠો, પ્રાણ પલકમેં જાવે તન છૂટે ધન કૌન કામ કો, કાહેકો, કૃપણ કહાવે અવસર બેર બેર નહીં આવે.."
જૈન ધર્મમાં દાનનો મહિમા અનેક રીતે ગવાયો છે. તેમાં પણ



શ્રી કલ્યાણજી ટોકરશી નાગડા

સોનગઢ રત્નાશ્રમ ને અપાતું દાનએ તો સાધર્મિક ભક્તિનો એક પ્રકાર જ છે.

સોનગઢ રત્નાશ્રમ એટલે સમાજની, સમાજ માટે અને સમાજ દ્વારા ચાલતી સંસ્થા.

આ બધાથી વાકેફ ગામ - નરેડીના માતુશ્રી વેજબાઈ ટોકરશી નાગડા, માતુશ્રી મેઘબાઈ કલ્યાણજી નાગડા એ પોતાના જીવનની જે કંઈ પણ મૂડી હતી એ સત્કાર્યમાં વાપરવી એ માટે સ્વાભાવિક પસંદગી સોનગઢ રત્નાશ્રમ ઉપર ઉતારી. એમના પરિવારજનોએ સ્વજનોની સ્મરણાર્થે રૂ. ૧,૫૧,૦૦૦/- વિદ્યા પ્રસારક યોજનામાં અનુદાન આપી સુકૃત કાર્ય કર્યું છે. આપના હાથે આવા સુકૃતો થતા જ રહે એવી શુભકામનાઓ.

લિ. મનસુખભાઈ લાપસિયા (ગેલડા) - ઉપપ્રમુખ - ૦૯૯૩૦૧૯૪૩૯૧

(CLB-2083)
GALA RINKAL : 9870834031

# પ્રોપર્ટી વેલ્યુએશન
# સોસાયટી ફોર્મેશન
# PR કાર્ડ / CTS પ્લાન
# પ્રોપર્ટી ટેક્સ
# પોઈંટ એડવાઈઝરી

પલક 9029077715

(CLC-2021)

શ્રી ગણેશાય નમ : | શ્રી સીમંધર સ્વામીને નમ : | શ્રી અંબે માતાજીયે નમ :

## આનંદો...જીવદયા પ્રેમીઓને ખુશખબર...આનંદો






કચ્છના બાવન-બેતાલીસ ગામો તથા વાગડ વિસ્તારના પાંજરાપોળ તથા ગૌશાળાનાં...હોદેદારો માટે આનંદો

## બુલેટ નેપિયર ઘાસ

હોલસેલ ભાવે વતરો કરીને પહોંચ કરી આપવામાં આવશે.

- આ ઘાસમાં ૧૯ ટકા પ્રોટીન તેમજ બીજા ઉપયોગી વિટામીનો ભરપૂર પ્રમાણમાં હોય છે, તે પશુઓને સારી રીતે પચી જાય છે.
- આ ઘાસ અમો માંડવી તાલુકામાં ઉગાડીએ છીએ.
- આપની જરૂરીયાત પ્રમાણે વ્યાજબી ભાવે મળશે.

જીવદયા પ્રેમીઓ આપના વડિલોની પુણ્યતિથિ હોય કે, આપના પરિવારમાં જન્મદિવસ કે, લગ્ન એનીવર્સરી, સગાઇ જેવા શુભ અવસર હોય તો મુંગા-પશુઓને લીલા-સૂકા ઘાસચારાનું અનુદાન આપવા માટે સંપર્ક કરો. કચ્છની કોઇપણ પાંગળાપોળમાં વતરો કરી પહોંચાડી આપીશું.



જીવદયા અનુદાન એટલે અનેક ઘણું પુણ્ય ઉપાર્જન.

જય સચ્ચિદાનંદ...જય જિનેન્દ્ર...પ્રણામ.

સંપર્ક : રામીન તલકશી છેડા, ગામ - રતાડીયા ગણેશ
મો. ૯૮૨૦૦૨૭૫૦૦, ૯૦૮૨૪૩૯૯૦૮

રમેશ શેઠિયા - ૯૩૨૭૯૭૩૬૭

(CLC-2095)

Readymade ના ભાવમાં Designer કપડાં

ZEVA

INITIATIVE BY MAYUR ZOOP

Made to Measure
Designer Ethnic Studio
(Retail & Wholesale)

તમારા ઘરના શુભ પ્રસંગો માટે Customised Designer કપડાં માટે પધારો.

પુજા, પહેડી અને અન્ય સામાજીક કાર્યક્રમોના કાર્યકર્તાઓ માટે એક જેવા ફેન્સી કુર્તા, પાયજામા અને જેકેટ માપ પ્રમાણે બનાવવા સંપર્ક.



Shop - 20, Gr. Flr., Sigma Estate 2, Sayani Rd., Dadar (W). Mumbai - 28.
Retail Only by Appointment | © Heth Chheda - 9920850137
Timings: Monday-Saturday - 12 to 8 pm | Sunday - 12 to 5 pm

(CLC-2067)
KENIA AD AGENCY • 9870155993

દિવ્યકૃપા-તીર્થ સ્વપ્નદ્રષ્ટા
રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

દિવ્યકૃપા-તીર્થપ્રતિષ્ઠાપક
તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

દિવ્ય આશિષ : પ.પૂ.આ.ભ.
શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી
મ.સા.

|| શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદેશ્વરાય નમઃ ||
|| શ્રી આર્ય-જય-ધર્મ-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદય- કલાપ્રભરસૂરિભ્યો નમઃ ||

# શ્રી યશોધન વર્ધમાન બહુંતેર જિનાલય ટ્રસ્ટ
# શ્રી આર્ય કલ્યાણ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ

(પ્રેરક - સંસ્થાપક : અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.)

આજ્ઞા આશિષ
સાહિત્ય દિવાકર,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભ આશિષ
પ.પૂ.આ.ભ.
શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.આ.ભ.
શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી
મ.સા.

# ગીતાસ્મૃતિ સાધર્મિક ભક્તિ કાયમી નિભાવ ફંડ

## સ્તંભ દાતા તરીકે ની યોજના શરૂ કરેલ છે.

**દાતા પરિવારનું નામ યોગ્ય જગ્યાએ કાયમી અંકિત કરવામાં આવશે.**

મહાવીર પ્રભુએ દેશનામાં ફરમાવ્યુ છે કે મારો સાચો ભક્ત એજ છે, જે રોજ મારા ભક્તની ભક્તિ કર્યા વગર જમે નહીં, પ્રભુના ભક્તની ભક્તિ કરવા પ્રભુ અને પ્રભુની આજ્ઞા હૈયામાં વસેલી છે એવા ધર્મપ્રેમી - ગુરુપ્રેમી - શાસનપ્રેમી દાનવીર પરિવારો

આ યોજનાને હોંશે હોંશે વધાવનાર સ્તંભ દાતા (૩૬)

**શ્રીમતી સરોજ વિજય માવજી સયાની પરિવાર (મેરાઉ)**
હસ્તે : શ્રીમતી જીનલબેન પરીન, શ્રીમતી રીતુબેન ચંદ્રેશ,
શ્રીમતી કશ્બીબેન નીરવ

આ યોજનાને હોંશે હોંશે વધાવનાર સ્તંભ દાતા (૩૭)

**માતુશ્રી મણીબેન ડુંગરશી લાલજી કચરા**
**દેઢિયા પરિવાર (મેરાઉ)**

BINITA S. MARU - 9869034162

(CLB-2078)

લાભાર્થી પરિવારની અંતઃકરણથી અનુમોદના.

લાભ લેવા તથા વધુ માહિતી માટે સંપર્ક : વિપીન ગંગર - 98210 42244 ▪ મયુર છેડા - 98210 95222

લિ. : શ્રી યશોધન વર્ધમાન બહુંતેર જિનાલય ટ્રસ્ટ ▪ શ્રી આર્ય કલ્યાણ જૈન ચેરીટેબલ ટ્રસ્ટ



આપના આંગણે આવતા કોઇપણ શુભપ્રસંગ જેવા કે...
સગાઇ, સંગીત સંધ્યા, લગ્ન સમારંભ, બર્થડે પાર્ટી, વિગેરે અવસરે
પાર્ટીવેરમાં આપની ચોઇસ મુજબ નીત-નવી લેટેસ્ટ ડિઝાઇનોમાં આપને શોભે એવા
મનગમતા વસ્ત્રોની ખરિદી માટે કચ્છી સમાજનું લોકપ્રીય વિશ્વાસું નામ એટલે...

SA RE GA MA
EXCLUSIVE ETHNIC WEAR

# સા.રે.ગા.મા. ડિઝાઈનર સ્ટુડિયો

માનવામાં ન આવે એવા ભાવમાં



લીનન ના કુર્તા, મોટી સાઇઝના કુર્તા
અને પહેડી માટે સ્પેશીયલ કુર્તા

તમારા માપ પ્રમાણે બ્લેઝર સુટ
બનાવીને અરજન્ટ મળશે.

- ★ ક્રોસ પેર્ટનમાં ઈન્ડો વેસ્ટર્ન સુટ/ નવાબી સુટ
- ★ ફાઈવ પીસ ડીઝાઈનર બ્લેઝર સુટ
- ★ હેન્ડ વર્ક નો શેરવાની સુટ
- ★ ઈન્ડો વેસ્ટર્ન ડીઝાઈનર સુટ
- ★ ઈન્ડો વેસ્ટર્ન હેન્ડવર્ક વીથ પેસાવરી
- ★ હેન્ડ વર્ક ચુડીદાર સુટ
- ★ ક્રોસ પેર્ટનમાં ડીઝાઈનર કુરતા સુટ
- ★ ઓફીસ વેઅર બ્લેઝર સુટ
- ★ ફેન્સી સાફા-મોજળી-દુપટ્ટા
- ★ સંગીત સંધ્યા માટે સેમી ઈન્ડો વેસ્ટર્ન- નવાબી સુટ
- ★ લીનનમાં હાફ અને શોર્ટ કુરતા

## કે.ડી. કોર્પોરેશન

બીજે ક્યાં પણ ખરીદી કરતાં પહેલા એક વખત સારેગામા ડિઝાઈનર સ્ટુડિયોની
મુલાકાત તમારા ફાયદામાં રહેશે...

(CLC-2097)

મો.૯૬૧૯૦૮૨૪૫૬/૯૮૨૧૨૮૨૪૫૬
દિનેશ ગાંગજી વોરા / કુશલ દિનેશ વોરા (નાંગલપુર)

એફ-૧૧૨/૧૧૩/૧૧૫/૧૧૬, ૧લે માળે દાદર મનીષ માર્કેટ, સેનાપતિ બાપટ માર્ગ, રેલ્વે સ્ટેશનની સામે, દાદર (વેસ્ટ), મુંબઈ-૨૮. ફોન: ૨૪૩૧૨૮૭૫ / ૭૩૦૩૦૮૪૯૪૯ (રવિવાર બંધ)

શતાબ્દીના વધામણાં

# શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ

સોનગઢ રત્નાશ્રમ ઈ.સ. ૧૯૨૩ - ૨૦૨૩ | સોનગઢની ગૌરવગાથા લેખ - ૫૧

## સ્વાનુભવ દ્વારા શિક્ષણ

### રત્નાશ્રમ Labs ભાગ ૨: વિવિધ વિષયોના પ્રાયોગિક શિક્ષણ કક્ષ

લેખક : નિરુપમ છાયા

### પ્રાયોગિક ભાષા શિક્ષણ કક્ષ (Lab)



એક અનોખી કલ્પનારૂપ પ્રાયોગિક શિક્ષણકક્ષમાંના કેટલાકનો પરિચય આપણે આ અગાઉના લેખમાં મેળવ્યો. આ લેખમાં એ શૃંખલા આગળ વધારીએ. ભાષાનું આપણા જીવનમાં મહત્વનું સ્થાન છે. એકબીજા વચ્ચે સંપર્ક, વ્યવહાર અને ભાવઅભિવ્યક્તિનું પણ સાધન છે. ભાષા શુદ્ધ હોય, સમૃદ્ધ હોય અને પ્રત્યાયન (Communication) યોગ્ય રીતે સાધી શકાય એ જરૂરી છે. રત્નાશ્રમમાં આ જ ઉદ્દેશથી નાનાં સ્વરૂપમાં ભાષાભવન દ્વારા ગુજરાતી હિન્દી અને અંગ્રેજી ભાષા માટે સફળ પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવે છે. ભાષાના મુખ્ય ચાર કૌશલ્યો, શ્રવણ, કથન, વાચન અને લેખન વિકસે એ માટેની અહીં વિશેષ વ્યવસ્થા છે. શ્રવણ માટે કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવે છે અને વક્તાઓના વક્તવ્યો, વિદ્યાર્થી પોતે વાંચે વગેરે પ્રવૃત્તિ થાય છે. કથનમાં ઉચ્ચારશુદ્ધિ, આરોહઅવરોહનું પ્રત્યક્ષ માર્ગદર્શન અપાય છે. આ માટે મૂકવાચન, મોટેથી વાચન, અભ્યાસના પુસ્તકોનું તથા સમાચારપત્રનું વાચન પણ કરાવવામાં આવે છે. એ જ રીતે લેખન માટે અનુલેખન, શ્રુતલેખન, સુલેખનમાં નિબંધ, વાર્તા, પત્ર, અહેવાલ, વિચારવિસ્તાર વગેરેનાં લેખનનો અભ્યાસ કરાવવામાં આવે છે. આ બધાં માટે અહીં વ્યાકરણ, વાર્તાઓ, સર્જકોના વગેરે ચાર્ટ્સ, ચિત્રો, ભગવદ્રો મંડળ જેવાં શબ્દ કોશ, કેટલાક ખાસ તૈયાર કરેલા નમૂના, સચિત્રવાર્તાના પુસ્તકો, અને ઈતર વાચન માટે વિવિધ સાહિત્ય ઉપલબ્ધ છે. ચર્ચાસ્પર્ધા, જાહેર વક્તવ્ય વગેરેના અભ્યાસ દ્વારા ભાષા સજ્જતા કેળવવા અભ્યાસ કરાવવામાં આવે છે. શબ્દભંડોળ માટે ભગવદગોમંડળ જેવા શબ્દોનો ઉદ્ભવ, તેના વિવિધ અર્થ, ઉપયોગ વગેરેથી વિદ્યાર્થી જ્ઞાત થાય છે. એજ રીતે ગામડામાં જોવા મળે એ બધું સમાવી તૈયાર કરેલા નમૂના દ્વારા ભૂંસાતા જતા શબ્દોનો પરિચય કરાવવામાં આવે છે. આ પ્રાયોગિક કાર્ય ત્રણેય પદ્ધતિમાં સમાન રીતે અપનાવાય છે. વિદ્યાર્થી પ્રવેશે ત્યારે નિદાન કસોટી દ્વારા એનું સ્તર સમજી પછી એનાં કૌશલ્ય વિકાસની યોજના થાય છે. આ પ્રાયોગિક કાર્યોને કારણે પ્રારંભે નબળો જણાતો વિદ્યાર્થી ૯૪% સુધી ગુણ મેળવતો થયો છે.

### આર્યસંસ્કૃતિ કક્ષ (Lab)



બાળક આપણી સંસ્કૃતિ વિષે જાણે, સમજે અને આપણી સંસ્કૃતિની લાક્ષણિકતાઓ ગ્રહણ કરી સમાજમાં જાય ત્યારે ઉત્તમ રીતે એને અભિવ્યકત કરે, અભ્યાસ પૂરો કર્યા પછી સમાજના વિકાસમાં એનું યોગદાન હોય સાથે સાથે ૨૧મી સદી માટે પણ તૈયાર થાય એવા ઉદ્દેશ સાથેના આ પ્રાયોગિક કક્ષનાં માધ્યમથી સામાજિક સંગઠનો, રાજકીય, આર્થિક સંબંધે સમજ કેળવવા પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. એનામાં નાગરિકતા અને સમયપરિવર્તન સાથે સમાજપરિવર્તન પણ થાય એ સમજ કેળવાય એ પણ જરૂરી છે. ચર્ચા, સમૂહ ચર્ચા જેવી પ્રત્યક્ષ પ્રવૃત્તિ માટે સમયપત્રકના આયોજન અનુસાર માસમાં બે વખત બાળકો અહીં આવે છે. નકશા વાચન, પુસ્તકોનું વાચન પણ થાય છે. આ ઉપરાંત શબ્દરમત, પ્રકલ્પો, સમસ્યા ઉકેલ, શ્રવણ, સમાચારપત્ર વાચન, પરસ્પર સંવાદ, શૈક્ષણિક ચાર્ટ્સ, નકશા, સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો, વિશ્વ જ્ઞાનકોષ, સફારી સામયિક, રમતો, કોમ્પ્યુટર વગેરેના ઉપયોગ દ્વારા જાતે સમજ કેળવે એવું વાતાવરણ અપાય છે. આર્યસંસ્કૃતિ કક્ષમાં મૂલ્યશિક્ષણ પણ સમાવિષ્ટ છે. જૈન ધર્મના, કૃતજ્ઞતા, પરોપકાર, અસદ વ્યવહારનો ત્યાગ જેવા ૧૮ સદાચાર બાળકોમાં ઊતરે એના પર ખાસ ધ્યાન અપાય છે. અલબત્ત આનું માપન કરવું શક્ય નથી, પણ બાળકનાં વાણી, વર્તન વ્યવહારનું નિરીક્ષણ કરી, તેનું મૂલ્યાંકન કરી બાળકોને માર્ગદર્શન અપાય છે. આમ આગળ જતાં સમાજને ઉદાત્ત વ્યક્તિત્વ મળે એવા પ્રયત્નો થાય છે.

### કળા અને હસ્તકારીગરી કક્ષ (Art & Craft Lab)



વર્તમાન સમય સાથે તાલ મેળવીને ડિજીટલ આર્ટ, મંડલ આર્ટ. ડોટ(વિવિધ રંગના ટપકાં દ્વારા ચિત્ર નિર્માણ) આર્ટ, વગેરે દરેક કલા બાળકો કરતાં કરતાં શીખે છે. વળી, એક્રેલિક, વોટર, ઓઈલ, પોસ્ટર વગેરે દરેક માધ્યમમાં વિદ્યાર્થીઓ કામ કરતાં કરતાં શીખે છે. રેતીના ઉપયોગથી કથા અને ઘટનાના વર્ણન સાથે ચિત્રો-રેતચિત્રો(Sand Art)-તૈયાર કરવા વિદ્યાર્થીને પ્રોત્સાહિત અને માર્ગદર્શિત કરાય છે. વિશિષ્ટ માધ્યમના ઉપયોગથી તૈયાર થતાં ચિત્રોમાં વિદ્યાર્થીઓએ ઉચ્ચ કૌશલ્ય સિદ્ધ કર્યું છે. આ કળા કક્ષમાં જુદી જુદી વસ્તુઓના ઉપયોગથી, બિનઉપયોગી બની ગયેલી વસ્તુઓમાંથી પણ અનેક પ્રકારના નમૂના બાળકો તૈયાર કરે છે. આને કારણે વિજ્ઞાનમેળા માટે વિવિધ કલ્પનાશીલ નિદર્શન, પ્રયોગો અને સાધનો પણ બાળકો તૈયાર કરી શકે છે . કાપડ પર છાપકામ જેવી કળા પણ બાળકો પ્રત્યક્ષ શીખે છે.

### સંસ્કૃત પ્રાયોગિક કાર્ય કક્ષ (Lab)



સંસ્કૃત એ ભાષા નથી પણ પણ સંસ્કારોનું સિંચન કરે છે એટલે જ આ પ્રકલ્પ રત્નાશ્રમમાં હાથ ધરાયો છે. બાળકો પ્રાચીન ભાષા સંસ્કૃતનું મહત્વ સમજે અને આપણા પ્રાચીન ગ્રંથોને સમજી શકે એ ઉદ્દેશથી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ આ પ્રયોગ કક્ષમાં કરાવવામાં આવે છે. સુભાષિતો, રમતો, સંસ્કૃત વ્યાકરણને કેન્દ્રમાં રાખી વિદ્યાર્થીઓને સક્રિય રીતે જોડવામાં આવે છે. સંસ્કૃત સરલમ પ્રકલ્પ હેઠળ રત્નાશ્રમના પરિસરમાં ૪૨ જેટલાં સુભાષિતોની તેના અર્થ સાથે લખેલી પટ્ટિકાઓ લગાડવામાં આવી છે. વિદ્યાર્થીઓ પણ તેનું પઠન અને ગાન કરે છે. આ કક્ષની મુલાકાત લઈએ ત્યારે પુસ્તકો, ચાર્ટ્સ, ચિત્રો જોવા મળે છે જેનાથી સંસ્કૃત ભાષા સરળતાથી સમજી શકાય.

Feedback : +91 8356881559

### ★★★★ શિક્ષણમાં નવલ દૃષ્ટિની નવતર પહેલ ★★★★

(CLB-2079)



સામાન્ય રીતે શિક્ષણ એટલે વર્ગખંડમાં વિદ્યાર્થીને પાઠ્યપુસ્તકની સામગ્રી ભણાવવી. આ પ્રકારનાં શિક્ષણથી વિદ્યાર્થી કદાચ માહિતી મેળવશે પણ 'જ્ઞાન' નહી મેળવે. તો આ પરંપરાગત ચોકઠામાંથી બહાર નીકળી વિદ્યાર્થીને જ્ઞાનપ્રાપ્તિ થાય તે માટે એને ક્રિયાત્મકતા દ્વારા વિષય સાથે જોડવા રત્નાશ્રમમાં દરેક વિષય માટે ક્રિયાત્મક પ્રવૃત્તિથી સભર પ્રાયોગિક કક્ષ તૈયાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ અહીં મૂકેલાં વિવિધ સાધનો અને સામગ્રીનો જાતે ઉપયોગ કરી, માત્ર માર્ગદર્શકની ભૂમિકામાં રહેતા શિક્ષકના સહયોગથી અનેકવિધ પ્રવૃત્તિમાં સહભાગી બની, વિષયનાં ઊંડાણમાં જઈ એને આત્મસાત કરી શકે છે. શૂન્ય કે ઓછા પ્રમાણની વિષય ક્ષમતા સાથે પ્રવેશેલા વિદ્યાર્થીઓ આ કક્ષના માધ્યમથી ક્ષમતા કેળવી, ક્ષમતાવર્ધન પણ કરે છે. પરિણામો પરથી એ જોઈ શકાય છે. શિક્ષણ જગતમાં આવી વ્યવસ્થા જોવા મળતી નથી. અને કદાચ હોય તો પણ રત્નાશ્રમમાં જે વિપુલ અને વ્યાપક સ્તરે, સઘનપણે જોવા મળે છે એવું હોવાની સંભાવના નથી. દરેક શાળા અને સંસ્થા માટે ઉત્તમ અનુસરણીય પ્રયોગ છે. એને શિક્ષણનો ભાગ બનાવતાં શિક્ષણ જગત ઉર્જસ્વી અને સાર્થક બનશે એમાં કોઈ શંકા નથી.

રત્નાશ્રમના શતાબ્દી અવસરે ચાલી રહેલી લેખ શૃંખલા અંતર્ગત શૈક્ષણિક શ્રેણીના લેબ્સ, સંગીત, બેન્ડ, વ્યાયામ, રમતગમત વગેરે વિષયક લેખોની સામગ્રી માટે લેખકોની ટીમ સાથે મૌખિક ઈતિહાસ વિડિઓ રેકોર્ડિંગ ટીમ અને સંયોજકોએ સોનગઢ રત્નાશ્રમની ખાસ ફરીથી તાજેતરમાં જ મુલાકાત લીધી હતી. દરેક લેબની મુલાકાત દરમિયાન જે તે લેબના કર્ણી એ ઊંડાણપૂર્વક અને વિસ્તૃત માહિતી પૂરી પાડી રત્નાશ્રમના આ વિરલ વિશિષ્ટ શૈક્ષણિક પ્રયોગને ઉજ્જવળ સફળતાનાં ઉદાહરણો સાથે મૂક્યો હતો. મૌખિક ઈતિહાસ ટીમે આ સમગ્ર માહિતીની પ્રસ્તુતિનું વિડિઓ રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. લેખકોને આ રેકોર્ડિંગ્ઝ આપવામાં આવ્યાં હતાં. હિરેન ભટ્ટે સંદર્ભ સામગ્રી પૂરી પાડી હતી...

f: https://www.facebook.com/SongadhRatnashram : https://www.instagram.com/songadhratnashram લિ. કન્વીનર

GALA RINKAL : 9870834031

અણધાર્યા વરસાદ + અસહ્ય ગરમીથી ચિંતામુક્ત બનો.

**લગ્ન/વિવિધ શુભ પ્રસંગોની શાનદાર ઉજવણી માટે ફાઈવ સ્ટાર સુવિધાઓથી સુસજ્જ...**

**થાણા મધ્યે**

DE Grandeur HOTEL & BANQUETS

જૈન/શુદ્ધ શાકાહારી

50 થી 800 ની કેપેસીટી

**No Monopoly**

આનંદ નગર સિગ્નલ પાસે, ઘોડબંદર રોડ, થાણા (વેસ્ટ).

- **Degrandeur** બેંકવેટ અને અદ્યતન રૂમો
- **Sky Garden** પ્યોર વેજ રૂફટોપ રેસ્ટોરન્ટ
- પિલર લેસ ૪ બેંકવેટ હોલ
- અદ્યતન સુવિધાવાળી ૪૨ રૂમો






















**50% Discount** માતાજીની પહેડી તથા સામાજીક પ્રસંગો માટે ૫૦% ડિસ્કાઉન્ટ ઓફર

કેટરર્સ ભાઈઓની પૂછપરછ આવકાર્ય

માર્ચ 2024 માં Swigy/Dineout દ્વારા સન્માનિત **No. 1** Sky Garden Rooftop Pure Veg. Casual Dining Restaurant

આપના શુભ પ્રસંગોની એડવાન્સ બુકીંગ/પૂછપરછ માટે સંપર્ક :

BANQUET : 7506166166 | SKY GARDEN : 7506233233 | ROOMS : 7506088088

(CLCL-2081)

નિલેશ કલ્યાણજી છેડા ❑ પુનડી


Printed and Published by : Shri Kutchi Visa Oswal Jain Mahajan (The Owner) : 226/232, Narshi Natha Street, Bhatbazar, Mumbai - 400009.
Printed at Dangat Media Pvt. Ltd : Office : 22, Dighe MIDC, Navi Mumbai - 400708.